# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-03-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM મોદીનો કાર્યકાળ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશમાં સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલી સરકારના વડા બન્યા છે. શ્રી મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી અને દેશના પ્રધાનમંત્રી તરીકે 8 હજાર 931 દિવસનો સંયુક્ત કાર્યકાળ પૂર્ણ કર્યો છે. આ સાથે, શ્રી મોદીએ સિક્કિમના મુખ્યમંત્રી તરીકે 8 હજાર 930 દિવસ સુધી કાર્યભાર સંભાળનારા પવન કુમાર ચામલિંગને પાછળ છોડી દીધા છે.

શ્રી મોદી સ્વતંત્રતા પછી જન્મેલા પ્રથમ પ્રધાનમંત્રી છે. તેમણે સતત ત્રણ લોકસભા ચૂંટણી જીતી છે. તેઓ 2001 માં પહેલી વાર ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા અને 13 વર્ષ સેવા આપ્યા પછી, 2014 માં દેશના 14મા પ્રધાનમંત્રી બન્યા હતા. શ્રી મોદી સતત ત્રણ વખત સેવા આપનારા પ્રથમ બિન-કોંગ્રેસી પ્રધાનમંત્રી પણ છે.

--------------------------------------------------------------------------------

## કેન્દ્રીય જળ શક્તિ મંત્રી :

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે નળના પાણીના જોડાણો 15 કરોડથી વધુ ગ્રામીણ ઘરો સુધી પહોંચ્યા છે, જેના કારણે આરોગ્યમાં સુધારો થયો છે. જીવનની ગુણવત્તામાં સુધારો થયો છે અને મહિલાઓ માટે ગૌરવમાં વધારો થયો છે. શ્રી પાટીલ જલ મહોત્સવ 2026 ના સમાપન સમારોહના ભાગ રૂપે આયોજિત સુજલ ગ્રામ સંવાદમાં પાંચ રાજ્યોના સહભાગીઓને વર્ચ્યુઅલી સંબોધન કરી રહ્યા હતા.

--------------------------------------------------------------------------------

## પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય:

સરકારે ખાતરી આપી છે કે દેશભરમાં આવશ્યક ઇંધણની કોઈ અછત નથી, તેલ રિફાઇનરીઓ સંપૂર્ણ ક્ષમતાએ કાર્યરત છે અને પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઘરેલુ LPG સિલિન્ડરનો પુરવઠો સામાન્ય રહ્યો છે અને ગભરાટ બુકિંગમાં ઘટાડો થયો છે. PNG કનેક્શનના વિસ્તરણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

દરમિયાન, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે જણાવ્યું હતું કે છેલ્લા 24 કલાકમાં 13 સહિત 547 થી વધુ ભારતીય નાવિકોને સુરક્ષિત રીતે સ્વદેશ પરત મોકલવામાં આવ્યા છે.

---

## રેશનકાર્ડ ધારકોને 3 મહિનાનું અનાજ વિતરણ:

કચ્છ સહીત દેશભરના રેશનકાર્ડ ધારકો માટે કેન્દ્ર સરકારે મોટી જાહેરાત કરી છે. એપ્રિલ મહિનામાં કચ્છના 2 લાખ 62 હજાર જેટલા રાશન કાર્ડ ધારકોને એક સાથે ત્રણ મહિનાનું એપ્રિલ, મે અને જૂન મહિનાનું અનાજ વિતરણ કરવામાં આવશે.

જેનાથી 10 લાખ 50 હજાર લોકોને સીધો ફાયદો મળશે. ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, તમામ લાભાર્થીઓ પોતપોતાની નજીકની વાજબી ભાવની દુકાન પરથી નક્કી કરેલા સમય દરમિયાન આ અનાજ મેળવી શકશે.

---

## કે.એસ.કે.વી. ખાતે રાષ્ટ્રીય સેમિનાર:

રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન તથા ઉચ્ચ શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર અને કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના કોમર્સ વિભાગ દ્વારા 'ડિજિટલ યુગમાં કોમર્સ અને વ્યાવસાયિક પદ્ધતિઓમાં ઊભરતી પ્રવૃત્તિઓ' વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરાયું હતું. ઈ-

કોમર્સ, ડિજિટલ માર્કેટિંગ, ફિનટેક, ઓનલાઈન વ્યવસાય મોડેલ્સ તથા આધુનિક ટેક્નોલોજીના વધતા ઉપયોગ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

---

## નાના રણમાં ભુલા પડેલા લોકો:

કચ્છના નાના રણમાં આઠ લોકો રસ્તો ભૂલી જતાં રણમાં ખોવાઇ ગયા હતા, જે અંગે સ્થાનિક આડેસર પોલીસને જાણ થતાં પોલીસે પાંચ કલાકની રઝળપાટ કરી આ આઠ લોકોને શોધી કાઢી તેમના જીવ બચાવ્યા હતા.

પલાંસવામાં રહેનાર રામ ભરવાડને પોતાને ત્યાં મજૂરોની જરૂરત પડતાં તે શ્રમિકોને લેવા હળવદ બાજુ ગયા હતા. ત્યાંથી મજૂરોને લઇને પરત ફરતા રણમાં માર્ગ ભુલ્યા હતા. તેઓએ ગામના સ્થાનિક મિત્ર દ્વારા પોલીસને બનાવની જાણ કરી હતી. પોલીસે પરિસ્થિતિનો તાગ મેળવી તેની ગંભીરતા પારખીને રાત્રે નાના રણમાં આ આઠ લોકોને શોધવા નીકળી પડી હતી. પોલીસની આ શોધખોળ દરમ્યાન એક સમયે પોલીસવાન પણ રણમાં ફસાઇ ગયું હતું. પરંતુ મજૂરો અને ચાલક પરત મળી આવતાં સૌ કોઇએ હાશકારો લીધો હોવાનું આડેસરના પી.આઇ.એ જણાવ્યું હતું.

---

## હવામાન-વરસાદી ઝાપટા:

પશ્ચિમી વિક્ષોભની અસર હેઠળ વાદળોની આવન-જાવન વચ્ચે ગઈકાલે બપોર બાદ જિલ્લાના કેટલાક વિસ્તારમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ભુજ તાલુકાના કુકમા, પદ્ધર, રેહા ઉપરાંત અંજાર તાલુકાના રતનાલ સહિતના વિસ્તારમાં તડકી-છાંયડી વચ્ચે વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં. જિલ્લા મથક ભુજમાં પણ બપોર બાદ વાદળોની હાજરી જોવા મળી હતી, તો જિલ્લામાં કેટલાક સ્થળે ગાજવીજ થયાના અહેવાલ મળ્યા છે. કુકમામાં સાંજના 6 વાગ્યા આસપાસ હળવા તડકા સાથે વરસાદ ખાબક્યો હતો. જેનાથી દસ મિનિટમાં તો પાણી વહેવાં લાગ્યાં હતાં. દરમિયાન મહત્તમ પારો ઊંચકાઈ ભુજ અને અંજાર-ગાંધીધામમાં 35.7 ડિગ્રીએ

પહોંચતાં બપોરના સમયે ગરમી અનુભવાઈ હતી. હવામાન વિભાગે મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઊંચકાય તેવી આગાહી કરી છે. સતત વાતાવરણમાં જોવા મળતા બદલાવથી ખેડૂત વર્ગમાં ચિંતા જોવા મળી રહી છે.

-----------------------------------------------------------------------------------------------